**નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫.**

૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/NIR/e-file/17/2023/3255/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૩/૨૦૨૪.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૭/૦૫/૨૦૧૭નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૭/૪૯૭૯૭૬/છ.૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2022/0001/CHH-1.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/ NWR/e-file/17/2023/0220/CHH-1.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૫/૦૨/૨૦૨૪નો પત્ર નં.DSD/NIT/e-file/226/2023/2225/Planning Branch.

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે અને વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી નિગમના આર્ટીકલ્સ ઓફ એસોશિયેશન અને મેમોરેન્ડમ ઓફ એસોશિયેશન બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ વર્ષ ૨૦૨૧થી ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના નેશનલ હેન્ડીકેપ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (National Handicapped Finance and Development Corporation), નવી દિલ્હીની ચેનેલાઈઝીંગ એજન્સી તરીકે કાર્યરત છે. રાજયના દિવ્યાંગજનોની વસ્તીને ધ્યાને લઈ, ૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના શરૂ કરવા બાબતે વર્ષ ૨૦૨૨-૨૩ના સમયગાળા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૩) ના વિભાગના તા.૧૯/૦૪/૨૦૨૨ના ઠરાવથી તથા વર્ષ ૨૦૨૩-૨૪ના સમયગાળા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૩ના ઠરાવથી નવી બાબત તરીકે મંજૂરી આપેલ હતી.

રાજયના દિવ્યાંગજનોની વસ્તીને ધ્યાને લઈ, ૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદતી ધિરાણ યોજના શરૂ કરવા બાબતે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કુલ રૂ.૬.૦૦ કરોડની નવી બાબતને સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની વંચાણે લીધેલ ક્રમાંક(૫) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના શરૂ કરવા બાબતની વર્ષ ૨૦૨૪-૨૫ની કુલ રૂ.૬.૦૦ કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ ગુજરાત રાજ્ય વિકલાંગ નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૬) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

Signature Not Verified
Signed by: P M Gameti
Section Officer
Date: 2024.03.14
11:47:56 +05:30

(૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૮) C.M. Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતો તેમજ આ ઠરાવની તમામ શરતોનું નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૧) વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના ઠરાવ ક્રમાંક:-SJED/NIR/e-file/17/2022/0001/CHH-1, તા.૧૯/૦૪/૨૦૨૨ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૦૪/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: P M Gameti
Section Officer
Date: 2024.03.14
11:47:56 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign